# જેજેસી - જેમ્ જગડુશા

૨, રમેશ સ્ટોન સપ્લાય કં., હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭. • ફોન : ૨૫૦૧ ૦૪૨૦ / ૨૫૦૧ ૦૦૭૮

પ્રિય સભ્યો,

મુંબઈમાં શિયાળો હળવે પગરણ કરી રહ્યો છે અને સવાર-સાંજ ફુલગુલાબી ઠંડીનો અનુભવ મુબઇગરાંઓ કરી રહ્યાં છે ત્યારે રજુ કરીએ છીએ એક મઝાનું નાટક... કે જેમાં વાત છે નાના કિશોરભાઈની અને એમની અમેરિકામાં જન્મેલી તથા ઉછરેલી બાવીસ વર્ષની દોહિત્રી વચ્ચેના નિર્ભેળ અને ભાવુક સ્નેહની !

દોહિત્રી 'શાન્યા' અમેરિકામાં જન્મી છે અને ત્યાના વાતાવરણમાં મોટી થઈ તે પહેલાં તે પોતાના માતા-પિતાને એક કાર અકસ્માતમાં ગુમાવી બેઠી છે. નજીકના કોઈ જ સગાં-સંબંધીઓ ન હોવાને કારણે સંજોગોને આધિન તેને ના-છૂટકે પોતાના નાનાની પાસે ભારતમાં આવવું પડે છે. નાનાજી વિધુર છે અને તેમને એ વાતની સમજણ નથી કે શાન્યા જેવી અલ્લડ છોકરીનો ઉછેર કઈ રીતે કરવો ? વળી અમેરિકાના મુક્ત સમાજમાં ઉછરીને કિશોરાવસ્થામાં પહોંચેલી શાન્યાને તેના નાના ભારતમા પરંપરાગત વાતાવરણમાં ન ફાવતું હોવાથી તે પોતાના નાના સાથે જોઈએ એવો મનમેળ નથી કરી શકતી...

અને એ ગમે તેમ કરીને આ વાતાવરણમાંથી છૂટવા ઈચ્છે છે પણ એ પહેલાં એ પોતાનો સમય વ્યતિત કરવાના હેતુથી મન મનાવી લે છે અને ચલાવી લે છે... પણ તેમની વાતને કેવો વણાંક મળે છે એ જાણવાનું રસપ્રદ બની રહેશે... તો, ચાલો માણીએ ગુજરાતી તખ્તાના લોકપ્રિય કલાકાર સનત વ્યાને મુખ્ય ભૂમિકામાં પ્રસ્તુત કરતું નવું નક્કોર નાટક :




**શનિવાર, તા. ૦૮-૧૨-૨૦૧૮**

**કાર્યક્રમ સમય : રાત્રે ૯.૩૦ કલાકે**

**સ્થળ :**

**ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર**

**SORRY NO SNACKS NO DINNER**

J. J. C. CENTRAL BOARD
INWARD NO. 7824
CHAIRMAN
SEC. GENERAL
SECRETARY
DATE 4-12-2018

**સૂચના**
- કાર્યક્રમના પાસ કાર્યક્રમ સ્થળેથી નિર્ધારિત સમયથી અડધા કલાક અગાઉ આપવામાં આવશે.
- ૨ વર્ષથી ઉપરની વયનાં સભ્ય ન હોય તેવાં બાળકોને નાટકમાં પ્રવેશ આપવો અશક્ય છે.